www.chipsairexp.com
CHIPS EXPRESS
પરદેશ પાર્સલ સેવા
chipsgnd@gmail.com
અટરીયા-વ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૪૩ | ૧૫ નવેમ્બર, ૨૦૧૯, શુક્રવાર; કારતક વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાફેલ ડિલમાં મોદી સરકારને ક્લીનચીટ

**સુપ્રીમ કોર્ટે ચુકાદા સામે દાખલ કરાયેલી સમીક્ષા અરજીઓને ફગાવી : ફરી તપાસ નહીં : કુલ ૫૮૦૦૦ કરોડ રૂપિયાની સોદાબાજીના સંદર્ભમાં એફઆઈઆર દાખલ કરવાની જરૂર હોવાના દાવાને સુપ્રીમ કોર્ટે ફગાવ્યો**



નવીદિલ્હી,તા. ૧૪

સુપ્રીમ કોર્ટે ભારે ચર્ચા જગાવનાર રાફેલ ડીલના મામલે પણ આજે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે રાફેલ વિવાદ પર દાખલ કરવામાં આવેલી ફેરવિચારણા અરજીઓને ફગાવી દીધી હતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારને આ મામલામાં ક્લીનચીટ આપી દીધી હતી. આની સાથે જ મોદી સરકારને ખુબ મોટી રાહત મળી ગઈ છે. કારણ કે, રાફેલ મામલામાં કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી અને અન્ય નેતાઓ દ્વારા વારંવાર ગંભીર પ્રકારના આક્ષેપો કરી સરકારને ભીંસમાં લેવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા હતા. સાથે સાથે ચોકીદાર ચોર હેના તેમના નિવેદન પર રાહુલ ગાંધીની માફીને સ્વીકાર કરીને ભવિષ્યમાં આવા નિવેદન ન કરવાની સુચના આપી હતી. સુપ્રીમ કોર્ટના ચુકાદાથી મોદી સરકારને મોટી રાહત થઈ છે. કારણ કે કોંગ્રેસના નેતાઓ આ મુદ્દાને જોરદાર રીતે ચગાવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર પ્રહારો કરી રહ્યા હતા. સુપ્રીમ કોર્ટે રાહુલ ગાંધીની માફીને સ્વીકાર કરી લીધી છે. ભવિષ્યમાં કોર્ટ સાથે જોડાયેલા

● અનુસંધાન પાન-૭ પર

## માનહાનિ કેસમાં રાહુલ ગાંધીની માફી મંજૂર

**ભવિષ્યમાં સાવધાની રાખવા રાહુલને સ્પષ્ટ સલાહ : રાફેલ ડિલ મામલામાં રાહુલ ગામે તિરસ્કારની કાર્યવાહી કેસ સુપ્રીમે બંધ કર્યો પરંતુ અનેક પરોક્ષરીતે સલાહ આપી**

નવીદિલ્હી, તા. ૧૪

રાફેલ ડિલની તપાસ કરવાની માંગ કરતી રિવ્યુ પિટિશનને ફગાવતી વેળા સુપ્રીમ કોર્ટે ચોકીદાર ચોર હૈ વાળા નિવેદનને લઈને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીને પણ પરોક્ષરીતે ફટકાર લગાવી હતી. સાથે સાથે રાહુલ ગાંધીને કેટલીક સલાહ પણ આપી હતી. કોર્ટે રાહુલ ગાંધીની માફીને સ્વીકાર કરીને તેમની સામે તિરસ્કારની અરજીને ફગાવી દીધી હતી. રાહુલ સામે હાથ ધરવામાં આવેલી તિરસ્કારની કાર્યવાહીનો કેસ હવે બંધ કરી દેવામાં આવ્યો છે પરંતુ રાહુલ ગાંધીને સુપ્રીમ કોર્ટે સલાહ આપતા કહ્યું હતું કે, મહત્વપૂર્ણ રાજકીય વ્યક્તિ તરીકે રાહુલ ગાંધીએ ભવિષ્યમાં આ પ્રકારનું નિવેદન કરતી વેળા ખુબ સાવધાની રાખવી જોઈએ. કોર્ટના મામલામાં નિવેદન કરતી વેળા તમામને ખુબ સાવચેતી રાખવાની જરૂર હોય છે. રાહુલ ગાંધીને ભવિષ્યમાં આ પ્રકારના નિવેદન કરવાથી બચવું જોઈએ. સુપ્રીમ કોર્ટના ચુકાદા પર કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને જાણિતા વકીલ અભિષેક મનુ સિંઘવીએ કોર્ટનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે, કેટલીક વખત અમારી જબાનથી આવા શબ્દો નિકળી જાય છે પરંતુ ઉદ્દેશ્ય અપમાનનો રહેતો નથી. ભાજપના સાંસદ મિનાક્ષી લેખીએ રાહુલ ગાંધીના ચોકીદાર ચોર હૈ વાળા નિવેદનને લઈને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. તિરસ્કાર અરજી દાખલ કરી હતી.



# સબરીમાલા કેસ હવે સાત જજોની બેન્ચને સોંપાયો

**સબરીમાલા મંદિરમાં મહિલાઓનો પ્રવેશ યથાવત્ રહેશે : મહિલાઓના પ્રવેશ અંગેની રિવ્યૂ પિટિશનમાં ૨ જજ અસહમત થતા મામલો લાર્જર બેન્ચને સોંપાયો : કુલ ૬૫ અરજીઓ પર ઉંડી સુનાવણી હાથ ધરાઈ**

નવીદિલ્હી,તા. ૧૪

ઐતિહાસિક સબરીમાલા મંદિરમાં તમામ વયની મહિલાઓના પ્રવેશને મંજુરી આપવાનો મામલો હવે અટવાઈ પડયો છે. કારણ કે સુપ્રીમ કોર્ટે આજે આ અંગે ચુકાદો આપ્યો ન હતો. સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણય પર ફેરવિચારણા કરવા સાથે સંબંધિત મામલાને સુપ્રીમ કોર્ટની જ પાંચ જજની બેંચને સોંપી દેવાનો આદેશ કર્યો હતો. આની સાથે જ આ નિર્ણય અટવાયો હતો. હવે સુપ્રીમ કોર્ટની સાત જજની બેંચ દ્વારા અંતિમ ચુકાદો આપવામાં આવનાર છે. બે જજની સહમતિ બાદ મામલાને મોટી બેંચને સોંપી દેવાનો ચુકાદો આપવામાં આવ્યો હતો. જસ્ટિસ આરએસ નરિમન, જસ્ટિસ એએમ ખાનવીલકર, જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ ઈન્દુ મલ્હોત્રાની બંધારણીય બેંચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. કેરળમાં આ ચુકાદાને લઈને અગાઉ હિંસા થઈ હતી જેથી સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. અત્રે નોંધનીય છે કે આ મામલાને મહિલાઓના અધિકારોની સુરક્ષા સાથે જોડવામાં આવ્યો હતો. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૧૮ના

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

### જેએનયુમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમા ક્ષતિગ્રસ્ત

જવાહરલાલ નેહરુ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં સ્થિત સ્વામી વિવેકાનંદની પ્રતિમાને કેટલાક તોફાની તત્વોએ ક્ષતિગ્રસ્ત બનાવી દીધી છે. ક્ષતિગ્રસ્ત થયા બાદ તેને ઢાંકી દેવામાં આવી છે અને તોફાની તત્વોની તલાશ કરવામાં આવી રહી છે.

### મધ્યપ્રદેશમાં ડેન્ગ્યુનો કહેર : ૪૯૧૫ કેસ

ભારે વરસાદ બાદ ડેન્ગ્યુનો કહેર વધતો જાય છે. મધ્યપ્રદેશમાં ડેન્ગ્યુનો કહેર વધતા આરોગ્ય વિભાગમાં દોડધામ મચી ગઈ છે. ડેન્ગ્યુના ૪૯૧૫ જેટલા કેસ નોંધાયા છે જ્યારે બે લોકોના મૃત્યુ નિપજ્યા છે.

### હરિયાણા સરકારનુ વિસ્તરણ

હરિયાણામાં ત્રણ સપ્તાહ સુધી લટકેલુ મંત્રીમંડળનું વિસ્તરણ શક્ય બન્યુ છે. દસ મંત્રીઓએ શપથગ્રહણ કર્યા છે. તે પૈકી આઠ ભાજપના છે તો એક મંત્રી જે જેપીના છે જ્યારે એક અપક્ષ છે.

### જાણીતા ગણિતજ્ઞ વશિષ્ઠ નારાયણસિંહનું અવસાન


બિહારના વિભૂતિ અને આઈન્સ્ટાઈનના સિદ્ધાંતને પડકાર ફેંકનાર મહાન ગણિતજ્ઞ વશિષ્ઠ નારાયણસિંહનું મૃત્યુ નિપજ્યુ છે. તેઓએ કેલીફોર્નિયા યુનિવર્સિટીમાં વર્ષો સુધી કામ કર્યુ હતુ. નાસામાં કામ કરવાની તક પણ તેઓને મળી હતી.

# કોંગ્રેસ અને તેના નેતાઓ હવે માફી માંગી લે : અમિત શાહ

**સુપ્રીમનો ચુકાદો કોંગ્રેસને જડબાતોડ જવાબ છે : આધાર વગરની ઝુંબેશ સંસદની અંદર અને બહાર કોંગ્રેસી નેતા ચલાવી રહ્યા હતા તે વાત પુરવાર : અમિત શાહ**

નવીદિલ્હી, તા. ૧૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે રાફેલ ડિલના મામલામાં સુપ્રીમ કોર્ટના ચુકાદાને આવકારીને કહ્યું હતું કે, આ ચુકાદો એવા નેતાઓ અને પક્ષોને જડબાતોડ જવાબ તરીકે છે જે લોકો આધારવગરની ઝુંબેશ ચલાવી રહ્યા હતા. બદનામ કરવાના પ્રયાસો કરી રહ્યા હતા. આ પ્રકારના નેતાઓ અને પક્ષોએ હવે માફી માંગવી જોઈએ. આધાર વગરની ઝુંબેશ બદલ કોંગ્રેસે માફી માંગવી જોઈએ. ભાજપ તરફથી કેન્દ્રીયમંત્રી અમિત શાહ ઉપરાંત કેન્દ્રીયમંત્રી રવિશંકર પ્રસાદ તથા અન્યોએ પણ રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટી ઉપર આક્ષેપ કર્યા હતા. અમિત શાહ ટ્વિટ કરીને કહ્યું છે કે, સુપ્રીમ કોર્ટના ચુકાદાથી સાબિત થઈ ગયું છે કે, રાફેલ યુદ્ધ વિમાન સોદાબાજી મામલામાં સંસદમાં ખલેલ પહોંચાડવાની બાબત ખુબ જ શરમજનક કૃત્ય તરીકે હતી. સુપ્રીમ કોર્ટે રાફેલ મામલામાં સમીક્ષા અરજીઓને ફગાવી દેતા આ પ્રકારના નેતાઓ અને તેમના પક્ષોને મોટો ફટકો પડી ગયો છે.



# મહારાષ્ટ્રમાં સરકાર રચવા માટે બેઠકોનો દોર યથાવત

**કોંગ્રેસ, શિવસેના અને એનસીપી નેતાઓની બેઠક**

મુંબઈ, તા. ૧૪

મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને છેલ્લા કેટલાક દિવસથી વાતચીતનો સિલસિલો ચાલી રહ્યો છે. શિવસેના, કોંગ્રેસ અને એનસીપીમાં આખરે સહમતિ થવાના સંકેત દેખાઈ રહ્યા છે. ત્રણેય પાર્ટીઓએ આજે સરકાર માટે લઘુત્તમ સંયુક્ત કાર્યક્રમને લઈને મુંબઈમાં ચર્ચા કરી હતી. આ બેઠકને લઈને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વિધાનસભામાં વિપક્ષના નેતા વિજય વડટીવારે કહ્યું હતું કે, બેઠકમાં ત્રણેય પાર્ટીઓના નેતાઓએ કાર્યક્રમના મુસદ્દાને લઈને ચર્ચા વિચારણા કરી હતી. આ મુસદ્દાને સોનિયા ગાંધી, શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેની પાસે મોકલી દેવામાં આવ્યો છે. સોનિયા ગાંધીની મંજુરી મળતા રાજ્યમાં શિવસેનાના નેતૃત્વમાં એનસીપી અને કોંગ્રેસની સરકારનો હિસ્સો

● અનુસંધાન પાન-૭ પર

REQUIRED
One of The leading Stock Market leader Required staff for New Branches
At INFOCITY – CHANDKHEDA – ADALAJ & PETHAPUR.
• EQUITY DEALER CASH / F & O. • TELE CALLER.
• BACK OFFICE EXECUTIVE. • OFFICE ASSISTANT
Attractive Salary + Incentive + Petrol...
Banking & finance experience prefer. fresher also apply to
bestboi123@gmail.com OR WhatsApp No. : 99747 03401

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

